## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



હવે તો બહાર જવા દે... વેલેન્ટાઈનડે તો પતી ગયો...

# મોટેરા સ્ટેડિયમના ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીનગર ડેપોની ૪૫ બસો દોડશે

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ટ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા આ સમારોહમાં શહેર તેમજ જિલ્લાના નાગરિકો પણ મોટી સંખ્યામાં હાજરી આપશે

ગાંધીનગર તા ૧૪

વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમનુ પ્રધાનમંત્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવનાર છે. જયારે આ સમારોહમાં મુખ્યમહેમાન પદે અમેરિકાના પ્રમુખ પણ વિશેષ ઉપસ્થિત રહેશે. જયારે આ વિશિષ્ટ કાર્યક્રમને અનુલક્ષી આમ નાગરિકો પણ સ્થળ પર હાજરી આપી શકે તે માટે એસ ટી ડેપો દ્વારા જિલ્લાના વિવિધ ડેપોની અંદાજિત ૪૦ થી ૪૫ બસો ફાળવવામાં આવશે. જયારે આ સ્થિતિ વચ્ચે એસ ટી બસોનુ સંચાલન પણ ખોરવાશે.

આગામી તા ૨૪ ફેબ્રુઆરીના રોજ મોટેરા સ્ટીડિયમના ઉગઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવશે જયારે આ દરમિયાન સ્ટેડિયમના ઉદઘાટન સમારોહમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ઉપસ્થિત રહેશે. વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમનો ઉદઘાટન પણ આ મહાનુભાવોની હાજરીમાં થશે. વિશ્વના આ સૌથી મોટા સ્ટેડિયમનુ પ્રધાનમંત્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે.આ પ્રસંગે મોટી સંખ્યામાં નાગરિકો પણ ઉપસ્થિત રહેશે. જયારે



આમ નાગરિકોને પણ અવરજવર કરવામાં કોઇ હાલાકી ન વેઠવી પડે તે માટે એસ ટી બસો પણ દોડાવાશે. ગાંધીનગર ડેપો દ્વારા પણ આ પ્રસંગને અનુલક્ષીને ૪૦ થી ૪૫ જેટલી બસો દોડવાશે. ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી પણ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહે તેવી સંભાવના છે. ગાંધીનગર ઉપરાંત જિલ્લાના અન્ય ડેપોની બસો પણ આ કાર્યક્રમને અનુલક્ષીને ઉપયોગમાં લેવાશે. તા ૨૪ ફેબ્રુઆરીના રોજ ડેપોની ૪૦ થી વધુ બસો આ કાર્યક્રમને અનુલક્ષી ફાળવવાનો નિર્ણય લેવાતા આ દિવસે શહેરી બસ સેવા પણ પ્રભાવિત થશે તેમ મનાઈ રહ્યુ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાના ડ્રાફ્ટ બજેટમાં કેટલીક પ્રિન્ટીંગ મિસ્ટેક્સ રહી હોવાનો એકરાર આજે સ્થાયી સમિતિ સમક્ષ તંત્રના અધિકારીઓએ કર્યો હતો.
- ૧૪-૧૫ની લગ્નસરાની ભારે ધૂમના પગલે આજે કચેરીઓમાં કર્મયોગીઓની ઓછી હાજરી જોવા મળતી હતી.
- ગાંધીનગર શહેરને લગતા ૧૦ થી વધુ પ્રશ્નો ગત મહિને મળેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિમાં ચમક્યા હતા જે શહેરના પ્રશ્નો માટે તંત્ર કેવી ઉદાસીનતા દાખવે છે તેનો પુરાવો છે.
- ગાંધીનગર સ્થાયી સમિતિની બેઠક બાદ અધિકારીઓ, પત્રકારો અને કાઉન્સીલરોએ આજે એક ખાનગી હોટલમાં પ્રિતી ભોજન લીધુ હતુ.
- ગાંધીનગર પાટનગર યોજનાના અધિક્ષક ઈજનેર તરીકે એમ.પી. ત્રિવેદીની નિયુક્તી કરવામાં આવી છે તેઓ રાજકોટમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજો બજાવતા હતા અને તેમને બઢતી આપી અહિ નિયુક્ત કરવામાં આવ્યા છે. ગઈકાલે માર્ગ-મકાન વિભાગે ૨૩ જેટલા અધિક્ષક ઈજનેરોની બદલી બઢતીના હુકમો કર્યા છે. જેમાં ૧૮ કાર્યપાલક ઈજનેરોને બઢતી અપાઈ છે. જ્યારે પાંચની બદલી કરવામાં આવી છે.
- શહેરમાં એલ.આર.ડી. અનામત અને ટ્રમ્પની મોટેરા મુલાકાતના સમાચારો લોકજીભે આખ્ખો દિવસ ચર્ચાતા રહ્યા.

## વાત-વાતમાં.....

- ગાંધીનગરથી એરપોર્ટ રોડ પર નભોઈ નર્મદા કેનાલના બ્રીજ પર સવારે એક કાર ભડભડ સળગી ઉઠી હતી. જેમાં સવાર યાત્રીઓ કોઈ લગ્નમાં હાજરી આપવા જઈ રહ્યાં હોવાનું તેમના સામાન પરથી જણાતું હતું. સદ્ભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજા કે હાનિ થયાના સમાચાર પ્રાપ્ત થયાં નથી.
- સેક્ટર-૨૮માં સમર્પણ કોલેજ ખાતે એક વિદ્યાર્થીએ કોઈ ખાસ જ્ઞાતિ-સમાજને ટાર્ગેટ કરતો વિડિયો અપલોડ કર્યો હોવાને પગલે તે સમાજના યુવાનો વિફર્યા હતા. આ યુવાનોએ પેલા વિદ્યાર્થીને કોલેજમાં પકડીને માફી માંગતો વિડીયો બનાવડાવી અપલોડ કરાવ્યા બાદ તેની સાથે થોડી ધોલ-ધપાટ પણ કરી હતી.
- વેલેન્ટાઈન્સ ડે ના દિવસે સોશ્યલ મિડીયા પર પુલવામા આતંકી હુમલાની વરસીને પગલે શહીદોને શ્રદ્ધાંજલિના મેસેજીસ તથા સ્ટેટસ સ્ટોરી વધુ જોવા મળી હતી. આ સાથે અનેક યુવાનોએ વેલેન્ટાઈન્સ ડે ના અવનવા વિડિયો પણ અપલોડ કરી આ દિવસને ઉજવ્યો હતો.




એજ્યુકેશન વર્ડ પુના દ્વારા બેસ્ટ પ્રિ-સ્કૂલ એજ્યુકેશન મેથડમાં ગાંધીનગર સે. ૭ની રંગોલી પ્રિ-સૂક્લને ૨૦૧૯-૨૦નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ બદલ રંગોલી ગૃપના પ્રહર અંજારીયાએ પ્રિ-સ્કૂલના ઈન્ચાર્જ કાનન પટેલ અને સ્કૂલના સંચાલક પ્રણવ સોનીને અભિનંદન પાઠવ્યા છે.

## પેથાપુર ખાતે બોર પરથી ૬૦ ફુટ કેબલની ચોરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં બોર કેબલની ચોરીના કિસ્સા વધી રહ્યા છે. તાજેતરમાં ચિલોડા વિસ્તારમાં કેબલચોર ટોળકીએ હાહાકાર મચાવ્યો હતો. ચિલોડા આસપાસના પાંચ ગામમાંથી બોર પરથી કેબલ ચોરી કરી ગયા હતા.

આ ચોરીનો ભેદ ઉકેલાયો નથી ત્યારે પેથાપુર ગામમાં આવેલા બોર પરથી કેબલ ચોરીની ઘટના સામે આવી છે. પેથાપુર તરપોજ વાસ ખાતે નગરપાલિકાનો બોર આવેલો છે. ત્યાં પાણી છોડવાનું કામ કરતા અશોક બાબુભાઈ પટેલ (રહે.પટેલવાસ પેથાપુર) ગુરુવારે સાંજે ટયુબવેલને લોક મારી ઘરે ગયા હતા. શુક્રવારના રોજ સવારે સાડાપાંચ વાગે તેઓ આવ્યા હતા ત્યારે સ્ટાટરવાળી ઓરડીથી ટયુબવેલ સુધીનો ૨૫ એમએમનો કબેલ કોઈ કાપી ગયુ હતુ. જેથી તેઓએ નગર પાલિકા પ્રમુખ રાજેન્દ્રસિંહ વાઘેલા સહિતના નાગરીકોને જાણ કરી હતી. જો કે ટયુબવેલ પાસે કોઈ પણ સીસીટીવી કે બહારની બાજુ લાઈટ ન હોવાથી ચોર ટોળકીએ તેનો લાભ ઉઠાવ્યો હતો. ત્યારબાદ તેઓએ રૂ.૩૦ હજારની કિંમતના કેબલની ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## દહેગામ સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંઘણી માટે એપોઈન્ટમેન્ટ શિડ્યુલરની સુવિધા મેળવી શકાશે

ગાંધીનગર, તા. ૧૪

નાગરિકોને સરળતાથી દસ્તાવેજની નોંધણી માટે સમય ઉપલબ્ધ થાય તે હેતુથી સરકાર દ્વારા ‘ગરવી વેબસાઈટ પર ઓનલાઇન એપોઈન્ટમેન્ટ શિડ્યુલરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાનો રાજયમાં આઠ કચેરીઓમાં પ્રાયોગિક ધોરણે અમલ થનાર છે. જેમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની સબરજીસ્ટ્રાર કચેરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો પ્રારંભ આગામી ૨ માર્ચ, ૨૦૨૦થી થશે.

રાજયની સબરજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કાર્યવાહી ટોકન મેળવીને કરવામાં આવે છે. વર્તમાન સમયમાં રાજયના પ્રજાજનો દ્વારા દસ્તાવેજની નોંધણી કરવા માટે સંબંધિત કચેરીમાં રૂબરૂ જઇને ટોકન મેળવવાનું રહે છે. જેના કારણે લોકોને ઘણી તકલીફ/હાડમારી પડે છે. દિવસભર સબરજીસ્ટ્રાર કચેરીમાં બેસી રહેવું પડે છે.

રાજય સરકાર દ્વારા નાગરિકોને સરળતાથી દસ્તાવેજની નોંધણી માટે સમય ઉપલબ્ધ થાય તે હેતુંથી ' ગરવી ' વેબસાઇડ પર ઓનલાઇન એપોઈન્ટમેન્ટ શિડ્યુલરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે અંતર્ગત શરૂઆતના તબક્કે સબરજીસ્ટ્રાર કચેરી દહેગામ સહિત આઠ રાજયની સબ રજીસ્ટ્રાર કચેરીમાં પાયલોટ પ્રોજેકટ અમલી બનાવવામાં આવ્યો છે.

આ સુવિધા https://garvi.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન એપાઈન્ટમેન્ટ શિડ્યુલર મેનુંમાં જઈને મેળવી શકાશે. જેમાં પક્ષકારે દસ્તાવેજ રજુ કરનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈ.ડી. તથા અવેજની રકમની એન્ટ્રી કરવાની રહેશે. તેમજ દસ્તાવેજના પ્રથમ પાનનો ફોટો અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ, પક્ષકારે પોતાની અનુકુળતા મુજબ તારીખ અને સમયની પસંદગી કરવાની રહેશે.

## નભોઈ પાસે કાર સળગી ઉઠી

ગાંધીનગર, તા.૧૪

આણંદ વલ્લભ વિદ્યાનગર ખાતે રહેતા આનંદ પ્રકાશ રામ પ્રકાશ રાય આજે સવારના સુમારે ગાંધીનગરથી આણંદ તરફ જઈ રહ્યા હતા. તે સમયે પ્રાપ્ત માહિતી મુજબ નભોઈ પાસે અચાનક કારમાંથી કંઈક સળગતુ હોવાની દુર્ગંધ મારતી હતી. જેથી પોતાની ઈન્ડીગો કાર નં. જી.જે.૨૩.એચ.-૮૪૪૦ સાઈડમાં પાર્ક કરીને પતિ-પત્ની બંન્ને નીચે ઉતરી ગયા હતા. તે સમયે કાર અચાનક સળગી ઉઠી હતી. સળગતી કારને લઈ માર્ગ પર થોડીવાર માટે વાહન વ્યવહાર થંભી ગયો હતો. કારમાં રહેલા પાકીટ અને મોબાઈલ પણ આગમાં સ્વાહા થઈ ગયો હતો. બનાવને પગલે ફાયર ટીમે સ્થળ પર પહોંચીને આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ આગની ઝપેટમાં કાર બળીને ખાક થઈ ગઈ હતી.

## ગાંધીનગરમાં ફેબ્રિક ઈન્ડસ્ટ્રીઝના પ્રદર્શનનું ઉદ્ઘાટન

ગાંધીનગર તા.૧૪

ગાંધીનગરના સેક્ટર ૧૭માં એક્ઝિબિશન સેન્ટર ખાતે આજે સવારે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે ફેબ્રિક એક્ઝિબિશન ફેબએક્શિયાનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે સાંસદ તથા ટેક્સટાઈલ કમિટી મેમ્બર હસમુખભાઈ પટેલ તથા ગુજરાત સ્ટેટ કોર્પોરેટીવ બેન્કના ચેરમેન અજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તા.૧૪ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન ચાર દિવસ માટે ચાલનારા આ પ્રદર્શનમાં અમદાવાદના જૂના અને મોટા મોટા કાપડ બજારના ઉદ્યોગપતિઓએ પોતાના સ્ટોલ ખડા કર્યા છે. ફેબ્રિક એક્ઝિબિશનનું આયોજન ૧૯૦૬માં સ્થપાયેલા અમદાવાદના મસ્કતી ક્લોથ માર્કેટ મહાજન દ્વારા કરવામાં આવ્યું છે.

આ ફેર અંગે માહિતી આપતાં મસ્કતિ કાપડ મહાજનના ગૌરાંગ ભગતે જણાવ્યું કે, આ ફેરમાં અમદાવાદમાં તૈયાર થયેલાં કોટન-લાયકા, ડેસ મટીરિયલ્સ, હોઝિસરી, કોટન સૂટિંગ -શટિંગ, ગ્રે ડેનિમ સક્તિની પ્રોડક્ટ રજૂ




કરાશે. આ પ્રોડક્ટની મોટાપાયે ખરીદી કરી શકાય તેના માટે દેશભરના એક હજારથી વધુ ખરીદદારોને મહાજન દ્વારા ખાસ બોલાવાશે. ‘ફેબેક્સ્પો-૪‘ માટે બાબુલાલ સોનિગ્રા, અમિષ શાહ તથા કાંતિલાલ સંઘવી સહિતના સભ્યોની ટીમની રચના કરાઈ છે.

કાપડ ઉદ્યોગને વેગવંતો બનાવવા મસ્કતિ ક્લોથ માર્કેટ મહાજન દ્વારા ફેબેક્સ્પો-૪ આજથી દભદબાભર્યો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૧૭ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ફેરમાં દેશભરના મોટા ખરીદદારો અને તમામ મોટા શહેરનાં કાપડ મહાજનના અગ્રણી ઉપસ્થિત રહેશે. અમદાવાદીઓ સહીત ગુજરાતના લોકો મુફતી, બીઈંગ હ્યુમન, સાઈકર, પાન અમેરિકા, પેન્ટાલૂન, આઈકોનિક, ફૂલ ક્લર કે પછી ક્લબ ફેર, બ્રિડ ક્લબ બ્રાન્ડસના કપ પહેરતા હોય છે. જોકે તેઓ એ વાતથી માહિતગાર નથી કે આ બ્રાસ માટેનું કપડું અમદાવાદના બજારમાંથીજ ખરીદવામાં આવે છે. ગયા ફેરમાં અમદાવાદના વેપારીઓને દેશવિદેશની અગ્રણી કંપનીઓ પાસેથી રૂ. ૨૫૦ કરોડનો ધંધો મળ્યો હતો.

## મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે સેવાકેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૧૪

નિર્મલા સેવા ટ્રસ્ટ સંચાલિત રાહેલબા વૃદ્ધાશ્રમ ગાંધીનગર તાલુકાના મગોડી ગામે માનસિક મંદબુદ્ધિ વૃદ્ધ બિમાર ભાઈ-બહેનોની સેવાનો કેમ્પ આવેલો છે. બિમાર, વૃદ્ધ, અશક્ત માનસિક રોગીઓને સાચવવા સંભાળવા નિઃસ્વાર્થપણે માત્ર સેવાની



ભાવનાથી સેવાયજ્ઞ ચાલી રહ્યો છે. ત્યારે લાયનેસ ક્લબ ઓફ ગોવા-અમદાવાદ અને લાયનેસ ક્લબ ઓફ કિંગ્ઝ સર્કલ મુંબઈ બંને સંસ્થા દ્વારા સુંદર સેવાકીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. બંને ક્લબોના સમન્વયથી સંસ્થાને તાડપત્રી, લેપટોપ, કરિયાણું અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે મગોડી કેળવણી મંડળના નવીનીતભાઈ પટેલ, મફતભાઈ પટેલ, સંસ્થાના નિર્મલાબેન અને યશવંતભાઈ ઝાલા દ્વારા દાતાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



## ફાર્મસી કોલેજ ખાતે કીમોમેટ્રિક્સ અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગરની સેક્ટર-૨૩ ખાતેની કે.બી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસી ખાતે તા. ૧૦મી થી ૧૨ ફેબ્રુઆરી દરમ્યાન ત્રિદિવસીય વર્કશોપ યોજાયો હતો જેનો વિષય હતો ‘‘એપ્લિકેશન ઓફ કીમોમેટ્રિક્સ ઈન ફાર્માસ્યુટિકલ રીસર્ચ’’ જેમાં વિવિધ શાખાના ૩૦ જેટલા પ્રાધ્યાપકો તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કીમોમેટ્રિક્સનો પોતાના સંશોધનમાં કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે વિવિધ તજજ્ઞો દ્વારા વર્કશોપમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે આર-સોફટવેરનો પણ કીમોમેટ્રિક્સમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની તાલીમ આપવામાં આવી હતી.

## છાલા ખાતે ૧૭મીએ નિશુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, જિલ્લા પંચાયત દ્વારા ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦ને સોમવારના રોજ સવારના ૯ થી ૧ કલાક દરમ્યાન સામૂહિક આરોગ્ય કેન્દ્ર, છાલા ખાતે મેગા નિશુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં અગ્નિકર્મ, જાલંધર બંધથી હલતા દાંત પાડવા, આધુનિક યુગમાં જોવા મળતાં મધુમેહ-ડાયબિટીસ, સ્થૌલ્ય-મેદસ્વીપણું, વંધ્યત્વ બાળકોનાં રોગોની સારવાર તથા અન્ય રોગોની પણ આયુર્વેદ સારવાર નિષ્ણાંણ વૈધ દ્વારા સેવા આપવામાં આવશે. તેની સાથે સંપૂર્ણ ‘મૂળગામી ચિકિત્સા’ ઉપર કામ કરતી હોમિયોપેથી પદ્ધતિ સંપૂર્ણ નિર્દોષ અને આડઅસર વિનાની છે.

## રાજ્યકક્ષાના બ્રહ્મગૌરવ એવોર્ડથી ભુજના એક જ પરીવારના બે સદસ્યોનું સન્માન

ગાંધીનગર, તા. ૧૪

માનવ સેવા એજ પ્રભુસેવાના સૂત્રને વરેલા તથા કર્મશિલ વ્યક્તિત્વ ધરાવતા ભુજના સામાજીક અગ્રણીના પરીવારના બે વ્યક્તિઓને ત્રિમંદિર ખાતે યોજાયેલા રાજયકક્ષાના એવોર્ડ સમારોહમાં બહ્મ એવોર્ડથી સન્માનવામાં આવતા ભુજના સામાજીક અગ્રણી રસીકલાલ ભટ્ટના પરીવારની યશકલગીમાં વધુ મોરપીંછ ઉમેરાયું છે.

ગાંધીનગર અડાલજ ત્રિમંદિર ખાતે ગુજરાત સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા રાજ્યભરના ૫૦૦થી વધુ બ્રહ્મબંધુ-બહેનોનું રાજ્યકક્ષાના બ્રહ્મગૌરવ એવોર્ડથી સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ એવોર્ડ સન્માન કાર્યક્રમમાં કચ્છ ભુજમાં વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સેવારત રહેલા રસીકલાલ માર્કંડરાય ભટ્ટને તથા તેમના પુત્રવધુ જયશ્રીબેન



આનંદકુમાર ભટ્ટને પણ તેમની સેવા સિદ્ધિઓ બદલ વિશિષ્ટ રીતે સન્માનિત કરવામાં આવ્યા છે.

વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં યશસ્વી કામગીરી બજાવનાર અને સૌને મદદરૂપ થનાર રસીકલાલ માર્કંડરાય ભટ્ટની પોલીસીંગ રમતગમતક્ષેત્ર તથા સામાજીક યોગદાન બદલ રાજ્યકક્ષાના બ્રહ્મ એવોર્ડ એનાયત કરી સન્માન કરવામાં આવ્યુ હતુ તો વળી તેમના જ પુત્રવધુ જયશ્રીબેન આનંદકુમાર ભટ્ટને પણ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત મહિલાની કેટેગરીમાં પશ્ચીમ કચ્છની એકમાત્ર મહિલાને રસોઈ શો માં માનભેર પસંદગી પામવાની સિદ્ધિ બદલ રાજ્યકક્ષાનો સ્મૃતિચિહ્ન એવોર્ડ વિશિષ્ટ સિદ્ધિઓ બદલ એનાયત કરવામાં આવ્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## ગાંધીનગરમાં યોજાનાર યુ.એન. શિખર સંમેલનનું નરેન્દ્રભાઈ મોદી વીડિયો કોન્ફરન્સ દ્વારા કરશે ઉદઘાટન

ગાંધીનગર, તા. ૧૪

સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણીય કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણીય સંધિના સંરક્ષણ પર સ્થળાંતરીત પ્રજાતિઓ (સીએમએસ)ની ૧૩મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી)નું આગામી ૧૭ થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે શિખર સંમેલન યોજાનાર છે. સ્થળાંતર કરનાર પ્રજાતિઓ વિશેના આ યુ.એન. શિખર સમેલનનું ૧૭મી ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉદઘાટન કરશે. તેમજ ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી દરમિયાન કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી પ્રકાશ જાવડેકર વિશેષ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં યજમાન તરીકે ભારતને આગામી ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવશે. ભારત સરકાર ૧૯૮૩થી સ્થળાંતરીત વન્ય પ્રાણીઓના સંરક્ષણ સંમેલન (સીએમએસ) સાથે કરારબદ્ધ છે. ભારત સરકાર આ સ્થળાંતરીત દરિયાઈ જાતિઓ/પ્રજાતિઓની સુરક્ષા અને સંરક્ષણ માટે જરૂરી પગલાં લઈ રહી છે. તેમજ એમના સંરક્ષણ અને બચાવ માટેની યોજનાની તૈયારી કરાઈ છે. જે માટે સાત જાતિઓ જેમકે ડુગોંગ, વ્હેલ શાર્ક, સમુદ્રી કાચબો (બે પ્રજાતિઓ)ની ઓળખ કરાઈ છે.

૧૭ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર આ સંમેલનમાં ભારતમાં વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે ચર્ચા કરવા ભવિષ્યની રણનીતિઓ તૈયાર કરવા વિચાર વિમર્શ કરાશે.

સીએમએસસીઓપી-૧૩નું આયોજન એ ભારતમાં વન્યપ્રાણી સંરક્ષણ તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. આ શિખર સંમેલનમાં ૧૩૦ દેશોના પ્રતિનિધિઓ, પ્રખ્યાત સંરક્ષણવાદીઓ અને વન્યપ્રાણી સંરક્ષણના ક્ષેત્રમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય એનજીઓ ભાગ લેશે.

ભારત વન્યપ્રાણી સૃષ્ટિની અનેક સ્થળાંતરિત પ્રજાતિઓનું ઘર છે જેમાં સ્નો ચિત્તા, અમુર ફાલ્કન્સ, બાર હેડ ગીઝ, બ્લેક નેકડ ક્રેન્સ, દરિયાઈ કાચબા, ડમ્પોંગ્સ, હમ્પબેકડ વ્હેલ, વગેરેનો સમાવેશ છે.